ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# કોરોનાનો મહાવિસ્ફોટ : નવા ૧૨૯ કેસ

## જિલ્લા વહીવટી તંત્ર પણ હચમચી ગયુ : નવી બેડની વ્યવસ્થા માટે સતત દોડધામ

ગાંધીનગર, તા. ૧૫ ગાંધીનગર જિલ્લામાં તો આજે કોરોનાનો ભયાનક બ્લાસ્ટ થતાં તંત્ર પણ હચમચી જવા પામ્યુ છે. આજે આખો દિવસ તંત્ર ઉભી થઈ રહેલી પરિસ્થિતિમાં લોકોને સારવાર મળી રહે તે માટે જરૂરી સુવિધાઓ ઉભી કરવાની કવાયતમાં સતત દોડતુ રહ્યુ હતુ.

જિલ્લામાં આજે ગ્રામ્ય વિસ્તારમાં ૬૮ અને શહેરમાં ૬૧ કેસ સાથે કુલ ૧૨૯ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાએ એક જ દિવસમાં આટલી મોટી સંખ્યાનો રેકર્ડ બનાવી દીધો છે. એક જ દિવસમાં નોંધાયેલા આ કેસોને પગલે તંત્ર પણ હચમચી જવા પામ્યુ છે.

જિલ્લાતંત્ર વતી આજે કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ સવારથી જ પરિસ્થિતિ પર નજર રાખી અને ઓફિસ ખુલતાં જ ઝુમ એપ્લીકેશન દ્વારા તાકીદની સમીક્ષા બેઠક અધિકારીઓ સાથે યોજી હતી. આરોગ્ય સિવાયના તંત્રના અન્ય અધિકારીઓને કયા કયા વિસ્તારોમાં કેટલી બેડ સાથેની વ્યવસ્થા ઉભી કરી શકાય તેમ છે તેની વિગતો સાથેના અહેવાલ સાથે સાંજે બેઠક યોજી સમીક્ષા કરી હતી.

જિલ્લામાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને પગલે ચેપરેટ પણ વધવા પામ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારોમાં ટેસ્ટીંગની કીટો ખુટી હોવાની ફરિયાદો પણ વધવા લાગી છે. તો વેક્સીનેશનની કામગીરી પણ ધીમી પડી હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લા કલેક્ટરે કેટલાક સંભવિત કોવિડ કેર સેન્ટર માટે કેટલાક સ્થળોની મુલાકાત લીધી હોવાનું પણ જાણવા મળેલ છે.

ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં જે ઝડપથી સંક્રમણ વિસ્તરી રહ્યુ છે તેને લઈ તંત્ર હચમચી જવા પામ્યુ છે. દહેગામ તાલુકામાં કોરોનાના છેલ્લા દસ દિવસમાં ૩ હજારથી વધુ કેસ થયાની વાતે આજે સમગ્ર જિલ્લામાં ભારે ચર્ચા જગાવી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૩ કેસ, ગાંધીનગરમાં ૨૯ કેસ, કલોલમાં ૨૬ કેસ અને માણસામાં ૧૦ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો પૈકી છ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા દર્દીઓ કરતાં ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધુ છે. આ સંખ્યા જે જાહેર કરાઈ છે તે જ દર્શાવે છે કે તંત્ર ક્યાંક કશુક છુપાવી રહ્યુ છે. આને લીધે લોકોમાં ભય વધુ પ્રસરવા પામ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૬ મહિલા, ૪ વિદ્યાર્થી, ૧૪ કર્મયોગી, ૬ ખેડૂત તેમજ ખાનગી નોકરીયાતોનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં પરિવારોના પરિવાર સંક્રમિત થઈ રહ્યાની બાબત પણ હવે પ્રકાશમાં આવી રહી છે.

ગ્રામીણ વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહથી બાળકો સંક્રમિત થઈ રહ્યાની વિગતો જે રીતે બહાર આવી રહી છે તેનાથી તંત્રની ચિંતા વધી છે. આજે પણ ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી સાત વર્ષનું નાનુ બાળક સંક્રમિત થયાનું તંત્રએ સ્વીકાર્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ટેસ્ટીંગનું પ્રમાણ વધારવામાં આવ્યુ હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે અને આજે પણ બે હજારથી વધુ લોકોને ટેસ્ટીંગમાં આવરી લેવામાં આવ્યાનું કહ્યુ છે.

દહેગામ તાલુકામાં આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં દહેગામ અર્બનમાંથી એક અને લવાડ ગામેથી બે કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે વાસણા હડમતિયા ગામેથી ૪ કેસ, વાવોલમાંથી પાંચ કેસ, પ્રાંતિયામાંથી ૨ કેસ, પેથાપુરમાંથી ૩ કેસ, કુડાસણમાંથી ૩ કેસ મળી આવ્યા હોવા ઉપરાંત પીંડારડા, સરગાસણ, શેરથા, આલમપુર, રાયસણ, અડાલજ, કોલવડા, રતનપુર, ગિફ્ટસીટી, સાદરા, દોલારાણા વાસણા, સીઆરપીએફ લેંકાવાડા ખાતેથી એક-એક કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં પણ છેલ્લા કેટલાક દિવસથી કોરોના સંક્રમણના કેસો વધી રહ્યા છે જેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

કલોલમાં આજે નોંધાયેલા કેસોમાં નવ કેસ તો માત્ર અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. જેમાં કલોલ અર્બન-૧

● અનુસંધાન પાના - ૭ પર

### જિલ્લાની વધુ ૬ ખાનગી હોસ્પિટલોને કોવિડ-ડેઝીગ્નેટેડ હોસ્પિટલ જાહેર કરાઈ

ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આજે મોડી સાંજે ૬ જેટલી હોસ્પિટલો કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલ તરીકે માન્યતા આપી ૧૦૦થી વધુ બેડ આરક્ષિત કરવાના હુકમો કર્યા છે. જિલ્લા કલેક્ટરે આજે પ્રથમ ચિલ્ડ્રન હોસ્પિટલ-કુડાસણ માટે ૨૩ બેડ, સિદ્ધિ વિનાયક મલ્ટી સ્પેસ્યાલીટી હોસ્પિટલ દહેગામને ૧૬ બેડ, લીલાવતી હોસ્પિટલ માણસાને ૧૩ બેડ, અંબા હેલ્થ સેન્ટર અને હોસ્પિટલ-અડાલજને ૨૫ બેડ, ખુશી હોસ્પિટલ ચિલોડાને ૧૦ બેડ અને ક્રિષ્ણા હોસ્પિટલ મોટા ચિલોડાની ૨૨ બેડની મંજૂરી આપી છે. કલેક્ટરે આ અંગે વિગતવાર હુકમો કરી અને તે માટેના વસુલાતના દર પણ નિયત કર્યા છે.

### કોલવડામાં ૮૦ બેડ ઓક્સિજન સુવિધા સાથે તૈયાર કરાયા

કોલવડા આયુર્વેદ હોસ્પિટલમાં ૨૦૦ બેડની ઓક્સીજનની સુવિધા સાથે શરૂ કરવાની કવાયત તંત્રએ તેજ બનાવી છે.

મોડી રાત સુધીમાં આજે ૧૦૦ બેડ ઓક્સીજન સાથે શરૂ થઈ ગયાનું જાણવા મળેલ છે અને બાકીના બેડ પણ આગામી એક-બે દિવસમાં શરૂ થઈ જશે.

આ હોસ્પિટલ ખાતે તબીબોની નિયુક્તી પણ જિલ્લાતંત્ર દ્વારા કરી દેવામાં આવી છે અને ૨૦ થી વધુ દર્દીઓને હાલ સારવાર આપવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

### ગાંધીનગર મુકિતધામ ખાતે ૩૮ દર્દીઓની અંતિમવિધી

રાજયમાં કોરોના સંક્રમણનો વ્યાપ વધતો જાય છે. કોરોના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. રાજયમાં કોરોના પોઝીટીવના ગુરુવારના રોજ અધધ ૮૧૫૨ કેસ સામે આવ્યા છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૧ દર્દીઓ મૃત્યુને ભેટ્યા છે. ત્યારે પાટનગરમાં પણ કોરોનાનો કહેર યથાવત રહેવા પામ્યો છે. ગાંધીનગર શહેરમાં ૫૯ વ્યકિતના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. તે પૈકી ૩૮ મૃતકો કોરોના પોઝીટીવ હતા. જયારે ૩૪ મૃતકોને મુકિતધામ અને ૪ મૃતકોને રૂદ્રભુમિ સરગાસણ ખાતે અંતિમક્રિયા કરવામાં આવી હતી.

# કોરોના દર્દીઓ માટે સિવિલના દરવાજા બંધ !

## કોરોના પોઝીટીવ દર્દીઓથી ઉભરાતી સિવિલ, કોવીડ દર્દીઓ ૧૦૮માં સારવાર લેવા માટે મજબુર, સિવિલની પરિસ્થિતિ આઉટ ઓફ કંટ્રોલ,

ગાંધીનગર, તા.૧૫ વૈશ્વિક મહામારી કોરોના હાહાકાર મચાવી રહ્યો છે. રાજયભરમાં કોરોના સંક્રમણના કેસ સતત વધી રહ્યા છે. ત્યારે પાટનગરમાં પણ અજગરી ભરડો લઈ કોરોના આતંક મચાવી રહ્યો છે. દર્દીઓને કોરોના કાળમુખો બનીને ભરખી રહ્યો છે. કોરોના સંક્રમણ કુદકે ને ભુસકે વધી રહ્યું છે. ત્યારે તંત્ર દ્વારા સિવિલના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. જેનો પગલે દર્દીઓના સ્નેહીજનો સહિત સ્ટાફમાં પણ કચવાટ ઉભો થયો છે.

ત્યારે ગાંધીનગર કોવીડ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. ૬૦૦ બેડની હોસ્પિટલના તમામ માળના વોર્ડ દર્દીઓથી ભરચક છે. સિવિલ તંત્રના હાથમાંથી કાબુ બહારની પરિસ્થિતિ સર્જાઈ છે. ત્યારે કોવીડ દર્દીઓ લઈને આવતી ૧૦૮ ની સિવિલમાં લાંબી લાઈનો લાગે છે. કોરોના દર્દીઓ ૧૦૮ માં સારવાર લેવા માટે દર્દીઓ મજબુર બની ગયા છે. ત્યારે સિવિલ સ્થિતિ વધુ વણસે તો નવાઈ નહી.



રાજયના પાટનગરમાં કોરોના કહેર બની ત્રાટકી રહ્યો છે. કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યાનો આંકડો શેરબજારની જેમ ઉંચે ને ઉંચે જઈ રહ્યો છે. ત્યારે પાટનગરની સિવિલમાં છેલ્લા પાંચ દિવસથી દરેક કોરોના પોઝીટીવ દર્દીઓને લાંબી લાઈનમાં ઉભા રહેવું પડે છે. હોસ્પિટલમાં જગ્યા ખાલી થાય તેમ દર્દીને સારવાર માટે એડમીટ કરાય છે.

આ અંગે સિવિલના સત્તાધિશોને પુછતા તેઓનું કહેવુ છે કે સિવિલમાં જેટલા બેડ છે તેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે. તમામ ઓકિસજન, બાયપેપ અને વેન્ટીલેટર બેડ પર દર્દીઓ સારવાર હેઠળ છે. ત્યારે ઓકિસજનની જરુરીયાત ન હોય તેવા દર્દીઓને એડમીટ કરાય છે. પરંતુ ઓકિસજન ની જરુર હોય તેવા દર્દીઓ માટે સિવિલમાં પણ બેડ ઉપલબ્ધ નથી. ત્યારે ગાંધીનગર સિવિલ દ્વારા કોલવડા ખાતે કોવીડ સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે. ત્યાં દર્દીઓને મોકલવામાં આવે છે. હાલ કોલવડા ખાતે ઓક્સિજન જરુરીયાતવાળા દર્દીઓ પણ મોટીસંખ્યામાં સારવાર લઈ રહ્યા છે.

#### કોરોનાની સ્થિતિને પહોચી વળવાના આયોજન માટે અને સમીક્ષા માટે

## મનપાની ખાસ સામાન્ય સભા બોલાવો : શૈલેન્દ્રસિંહ બિહોલા

ગાંધીનગર, તા. ૧૫ ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યુ છે ત્યારે પરિસ્થિતિને પહોંચી વળવાના આયોજન માટે મહાનગરપાલિકાની ખાસ સામાન્ય સભા યોજવાની માગં વિપક્ષના નેતા સૌલેન્દ્રસિંહ બિહોલાએ કરી છે.

વિપક્ષના નેતાએ મેયરને પાઠવેલા પત્રમાં શહેરમાં વધતા જતાં સંક્રમણને લઈ લોકોની માનસિક સમતુલા કથળવાના કિસ્સા પણ બહાર આવી રહ્યા છે તેવી વાત કરી જણાવ્યુ છે કે આચારસંહિતા હાલ છે નહિ તો લોકોને સધિયારો મળે અને જનજાગૃતિ આવે તેના પ્રયાસના ભાગરૂપે પણ આ બેઠક બોલાવવી આવશ્યક છે.

તેમણે પત્રમાં જણાવ્યુ છે કે આપણા ગાંધીનગરમાં પણ કોરોના ખુબ જ ગંભીર રીતે ફેલાઈ રહ્યો છે, રોજબરોજ કોવિડ-૧૯ના કેસો વધી રહ્યા છે, સાથે-સાથે મૃત્યુઆંકમાં પણ વધારો થઈ રહ્યો છે, કોવિડ વોર્ડમાં દાખલ થવા માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તેમજ દરેક હોસ્પિટલો ખાતે વેઈટીંગ છે, તેમજ હોસ્પિટલની બહાર દર્દીઓ સાથેની એમ્બ્યુલન્સની લાંબી કતાર જોવા મળે છે, હોસ્પિટલના કેમ્પસમાં દર્દીઓને દાખલ કરવામાં સો-સો નંબર હોવાથી કલાકો સુધી વેઈટીંગમાં ઉભા જોવા મળી રહ્યા છે, હોસ્પિટલમાં જગ્યાના અછતના કારણે કોરોનાગ્રસ્ત દર્દીઓને સારવાર આપી શકાતી નથી, જેના કારણે વધુ તકલીફ ધરાવતા દર્દીઓ હોસ્પિટલની બહાર એમ્બ્યુલન્સમાં જ દમ છોડી દે છે, તેવા બનાવો પણ બનવા લાગ્યા છે, ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત મુક્તિધામ ખાતે પ્રતિદિન ૬૦-૭૦ મૃતદેહો અગ્નિસંસ્કાર માટે આવે છે, સ્મશાનમાં પણ મૃતદેહોને અગ્નિસંસ્કાર માટે ટોકન આપવાની પરિસ્થિતિ ઉભી થઈ છે, આ ઉપરાંત ગેસભઠ્ઠીમાં સતત મૃતદેહો ચાલુ રહેવાથી ગેસભઠ્ઠીમાં લોડ પડતા ગેસભઠ્ઠી હાલમાં બંધ હાલતમાં છે જે મેં રૂબરૂ જોયેલુ છે. ખુબ જ ભયાવહ પરિસ્થિતિ સામે આપણું તંત્ર સદંતર નિષ્ફળ રહ્યુ છે, જે ગાંધીનગર મહાનગરપાલિકા માટે ખુબ જ શરમજનક બાબત કહેવાય. ગાંધીનગર હવે વહાન બનવા જઈ રહ્યું છે, ત્યારે આવા સમયે આગામી સમયમાં તંત્ર કોરોના સામે લડત આપવા કયા પગલા લેશે ? શું આયોજન કરેલ છે ? અથવા શું આયોજન કરવામાં આવનાર છે ? તે બાબતે વિસ્તૃતમાં ચર્ચા કરી તંત્રના તમામ અધિકારીઓને હાજર રાખી જરૂરી સૂચનો, પગલાઓ, આયોજન માટે કોરોના અંતર્ગત નિયમોનું પાલન કરી સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે તાત્કાલિક અસરથી સામાન્ય સભા બોલાવો તેવી હું પ્રજાના હિત માટેની આગ્રહભરી માંગણી કરૂ છુ.

## કોરોનાનાં વધતા કેસ વચ્ચે હવે કમોસમી વરસાદની હવામાનની આગાહી

ગાંધીનગર,તા.૧૫ રાજ્યમાં કોરોનાનાં કેસ સતત વધી રહ્યા છે. ત્યારે હવે હવામાન વિભાગ દ્વારા એક આગાહી કરવામાં આવી છે. છેલ્લા ઘણા દિવસોથી ગરમીમાં તપતા લોકો માટે સારા સમાચાર સામે આવ્યા છે. રાજ્યનાં હવામાન વિભાગે મધ્ય ગુજરાત અને સુરતમાં કમોસમી વરસાદ થવાની આગાહી કરી છે.

રાજ્યનાં બુધવારે પણ ઘણા શહેરોમાં વાતાવરણ અચાનક પલટો આવ્યો હતો. ત્યારે હવામાન વિભાગે હવે રાજ્યમાં ઘણી જગ્યાએ કમોસમી વરસાદ પડવાની આગાહી કરી છે. ૪૦ કિમીની ઝડપે પવન સાથે વરસાદ પડવાની આગાહી કરવામા આવી છે. દાહોદ, મહીસાગર, પંચમહાલ, નર્મદામાં આ કમોસમી વરસાદની આગાહી છે. વળી બીજી તરફ સૌરાષ્ટ્રનાં બે જિલ્લામાં હિટવેવની આગાહી છે. આ ઉપરાંત પોરબંદર, ગીર સોમનાથમાં હિટવેવની આગાહી છે.

## ડ્રાઈવ થ્રુ ટેસ્ટીંગ પીપીપી મોડલથી શરૂ કરવા અને જરૂરી પગલાંઓ માટે ચાવડાએ કમિશનરને પત્ર લખ્યો

ગાંધીનગર શહેરમાં ડ્રાઈવ થ્રુ ટેસ્ટ અને કોરોનાની સ્થિતિ અંગે જરૂરી પગલાં લેવા સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ કમિશનરને પત્ર લખ્યો છે. ચૂંટણીની આચારસંહિતાનો અમલ હટતાં જ કાઉન્સીલરો અને પદાધિકારીઓ સક્રિય બની ગયા છે. તેઓ નિયમિત રીતે ઓફિસમાં પણ આવતા થયા છે.

સ્થાયી સમિતિના ચેરમેન ચાવડાએ શહેરમાં વધતા જતા સંક્રમણને ધ્યાને રાખી જરૂરી પગલાંઓ માટે સૂચનોના સ્વરૂપમાં એક વિસ્તૃત પત્ર કમિશનરને લખ્યો છે. તેમણે શહેરમાં ક્વોરોન્ટાઈન સેન્ટરો વધારવા પર ભાર મુકતાં આ પત્રમાં જણાવ્યુ છે કે તેમજ ટેસ્ટીંગ સેન્ટર અને વેક્સીનેશન સેન્ટરો વધુ શરૂ કરવા તેમજ આયુર્વેદિક ઉકાળાઓનું વિતરણ શરૂ કરવા પણ જણાવ્યુ છે.

શહેરમાં સેનેટાઈઝેશનની કામગીરી પર ભાર મુકવામાં આવે તેમજ આરોગ્ય સેતુ એપ વધુ ડાઉનલોડ કરવા લોકોને જરૂરી પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો છે. શહેરમાં પ્રવેશ મેળવતા દરેકનું સ્ક્રીનીંગ કરવાની હિમાયત પણ તેમણે કરી છે. ચાવડાએ બીજા એક પત્રમાં અમદાવાદની જેમ મનપા વિસ્તારમાં રામકથા મેદાન સહિત અન્ય જાહેર સ્થાનો પર પી.પી.પી. મોડલથી ડ્રાઈવ થ્રુ ટેસ્ટીંગ સિસ્ટમ ચાલુ કરવા માંગ કરી છે.

### ટેલિફોનિક બેસણું



**અ.સૌ. ગૌરીબેન અંબાલાલ પટેલ**

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની અ.સૌ. ગૌરીબેન અંબાલાલ પટેલ તા. ૧૪/૪/૨૦૨૧, બુધવારના રોજ દુઃખદ અવસાન પામ્યા છે. સદ્ગત આત્માને પ્રભુ શાંતિ આપે એ જ પ્રાર્થના...


વર્તમાન પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને બેસણું, પ્રાર્થના સભા તેમજ તમામ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

લિ.

અંબાલાલ દામોદરદાસ પટેલ
મો. ૯૮૨૫૬૯૭૦૩૨

રાજેન્દ્ર અંબાલાલ પટેલ (પુત્ર) મો. ૮૧૪૧૦૩૧૫૦૫
અલકા ભરતકુમાર પટેલ (પુત્રી) મો. ૯૮૨૫૪ ૬૧૩૭૮
સતિષ અંબાબાલ પટેલ (પુત્ર) +૬૧ ૪૩૩ ૨૦૬ ૩૨૦
ભરતકુમાર દેવચંદભાઈ પટેલ (જમાઈ) મો. ૯૮૨૫૩ ૨૭૩૦૯

તથા સમસ્ત પરિવાર




### શ્રદ્ધાંજલિ



અમારા બધાનો લાડકો રઘુવીર પ્રજાપતિ તા.૧૪/૪/૨૧ના રોજ દેવલોક પામ્યા છે. ભગવાન તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના...

(તેરે જૈસા યાર કહા... કહા ઐસા યારાના )

આશિષ દરજી — ડૉ. કલ્પેશ મેકવાન — લવ ઠાકર
મનોજ જોષી — ડૉ. મનીષ પ્રજાપતિ — કુશ ઠાકર
નરેશ દવે — ડૉ. વિપુલ પ્રજાપતિ — રવિ રાજપુત
નિલેશ મોદી — હિરેન પટેલ — ગૌરાંગ પારેખ
કમલેશ ઉપાધ્યાય — ગોપી મહિલા મંડળ — જીગ્નેશ પારેખ
તેજસ દવે — શિવશક્તિ મંદીર ટ્રસ્ટી - વડીલો — ત્રિપુન ત્રિવેદી
જીમીત જોષી — શિવશક્તિ સોસાયટી તમામ રહેવાસી — દિવ્યાંગ ત્રિવેદી

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com